**Divya Bhaskar, Ahmedabad, Aug 08 2012**

**ટફ ટાસ્ક**

'ટીસીએસ આઇટી વિઝ 2012'માં વડોદરા અને અમદાવાદની છ સ્કૂલો વચ્ચે યોજાયેલી આઇટી ક્વિઝ સ્પર્ધામાં શહેરની મહારાજા અગ્રસેન સ્કૂલ વિનર

# આઇટી વિઝનાં ફાઇનલમાં સિટી સ્ટુડન્ટ

- **વિજેતા સ્ટુડન્ટ્સ નેશનલ લેવલ પર ભાગ લેશે**

- **સિટી રિપોર્ટર**. અમદાવાદ

એશિયાની સૌથી મોટી આઇટી કંપની દ્વારા છેલ્લા 13 વર્ષથી 'ટીસીએસ આઇટી વિઝ' કોમ્પિટિશન બાળકોમાં આઇટી અને ટેક્નોલોજી માટે જાગૃતિ આવે તે માટે યોજવામાં આવે છે.

આઇટી વિઝ 2012માં વડોદરાની બ્રાઇટ ડે, નવરચના, દિલ્હી પબ્લિક સ્કૂલ, સંત કબીર અને અમદાવાદની મહારાજા અગ્રસેન, દિલ્હી પબ્લિક સ્કૂલ બોપલ વચ્ચે સ્પર્ધા યોજાઇ હતી. જેમાં શહેરની મહારાજા અગ્રસેન સ્કૂલનાં માનસ ગુપ્તા અને યશ ગોયલે 75 કોમ્બેટ સાથે વિજયી બન્યાં છે.

આ ક્વિઝ કોમ્પિટિશનમાં એન્ગ્રી નર્ડ્સ, જી.ટી.એ, એટ ટીસીએસ, મેક્સ પેઇન, ટોટલ કોમ્બેટનો સમાવેશ થયો હતો.




**શહેરની** મહારાજા અગ્રસેન સ્કૂલના સ્ટુડન્ટ માનસ ગુપ્તા અને યશ ગોયેલે ફર્સ્ટ પ્રાઇઝ મેળવ્યું હતું. હવે તેઓ ફાઇનલમાં ભાગ લેવા જશે.

રિજિનલ પર લેવાયેલી કોમ્પિટિશન બાદ હવે વિજેતા વિદ્યાર્થીઓ નેશનલ લેવલ પર આઇટી ઇવઝ કોમ્પિટિશનના ફાઇનલમાં ભાગ લેશે. જેમાં કોલકત્તા, બેંગ્લોર, ચેન્નાઇ, કોઇમ્બતૂર, પુણે, નાગપુર ઇન્દોર, ભુવનેશ્વર, કોચી, લખનૌ, મુંબઇ, દિલ્હી અને અમદાવાદનો સમાવેશ થાય છે.

કાર્યક્રમનાં ચિફ ગેસ્ટ નિવૃત્ત એર માર્શલ પી.કે દેસાઇએ જણાવ્યું હતું કે, અત્યારની જનરેશનનાં વિદ્યાર્થીઓને ટેક્નોલોજી વિશે ખૂબ ઊંડાણમાં સમજણ છે. વળી, આ પ્રકારનાં ટેક્નો ક્વિઝથી તેમનાં ટેક્નોલોજી વિશેનાં નોલેજમાં વધારો પણ થતો હોય છે.

## ક્વિઝ માટેનાં વિષયો કેવા હોય છે?

- » ઇન્ટરનેટ,
- » યુનિક વેબસાઇટ્સ,
- » આઇટી બઝવર્ડ્સ અને એક્રોનિમ્સ,
- » આઇટી ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય, સ્થાનિક, રાષ્ટ્રીય પ્રતિભાઓ,
- » આઇ.ટીની જાહેરાતો
- » કોમ્યુનિકેશન કંપની,
- » સોફ્ટવેર પ્રોડક્ટ-બ્રાન્ડ્સ.